| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | :: | ૦૯.૦૬.૨૦૨૬ | | |
| દાખલ તારીખ | :: | ૦૯.૦૬.૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | :: | ૨૭.૦૭.૨૦૨૬ | | |
| અવધિ | :: | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૧ | ૧૮ |

**મે. ખેરગામનાં જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુકામ–ખેરગામ.**

**ફોજદારી કેસ નંબરઃ–૪૦૫/૨૦૨૬**
**ખેરગામ પોસ્ટે પાર્ટ સી ગુ.ર.નં.૧૧૮૨૨૦૦૪૨૬૦૦૧૮/૨૦૨૬**
**આંક : ૧૧**

**ફરીયાદી :– નામદાર સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી :– સંગીતાબેન સુરેશભાઈ પટેલ**
રહે. ખેરગામ સરસીયા ફળિયા,
તા. ખેરગામ, જી. નવસારી.

**<u>ગુન્હો–ધી પ્રોહીબીશન એકટની કલમ ૬૫એએ મુજબ...</u>**

ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.એમ.મલેક
આરોપી તરફે વિ.વ.શ્રી એચ.એસ.પટેલ

## :: ઠ રા વ ::

**૧::** ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ એકબીજાની મદદગારીથી તા.૧૨–૦૧–૨૦૨૬ ના રોજ કલાક ૧૯:૩૦ થી કલાક ૨૦:૦૦ વાગ્યેના સુમારે મોજે ખેરગામ સરસીયા ફળિયા તહોમતદારના ઘરના પાછળના ભાગેથી એક પ્લાસ્ટીકની કેનમા દેશી દારૂ લીટર ૦૪ કિં.રૂા.૮૦૦/– નો પ્રોહી. મુદ્દામાલ ગેર કાયદેસર વગર પાસ પરમીટે રાખી પકડાઈ જઈ ગુનો કરેલાનો આક્ષેપ છે.

**૨::** સદર આરોપી સામે ખેરગામ પો. સ્ટે. પાર્ટ સી ગુના રજી. નં.૧૧૮૨૨ ૦૦૪૨૬૦૦૧૮/૨૦૨૬ થી ગુનો દાખલ કરી ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ ૬૫ એએ મુજબનાં ગુનાનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં કરવામાં આવેલ છે.

**૩::** સદર કામમાં ચાર્જશીટ રજુ થતાં આરોપીઓને સમન્સ કાઢતાં આરોપી અત્રેની કોર્ટમાં હાજર થતાં તેઓને પોલીસ તપાસનાં કાગળોની નકલો આપવામાં આવી છે. આરોપીની સામે આંક–૦૪ થી તહોમતનામું ફરમાવતાં તેઓએ ગુનાનો ઈન્કાર કરેલ છે, જેથી આંક–૦૫ લગત આરોપીની પ્લી લેવામાં આવેલ છે. ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**૪::** આ કામમાં ફરીયાદપક્ષે નીચેનાં સાહેદો તપાસવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો**

| | | |
|---|---|---|
| ૧. | ફરીયાદી મયુરભાઈ સવદાસભાઈની સોંગદ ઉપરની જુબાની | આંક–૦૬ |
| ૨. | પંચસાહેદ નિલેશભાઈ સવજીભાઈ પટેલની જુબાની | આંક–૦૮ |
| ૩. | પંચસાહેદ રસીદભાઈ અલ્લારખુ શેખની જુબાની | આંક–૧૦ |

**દસ્તાવેજી પુરાવો**

| | | |
|---|---|---|
| ૧. | ફરીયાદ | આંક–૦૭ |
| ૨. | ગુનાવાળી જગ્યા તથા મુદ્દામાલ રીકવરી પંચનામું ઝેરોક્ષ | આંક–૦૯ |

**૫::** ફરીયાદપક્ષે આ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ થયેલ નથી. ફરીયાદપક્ષે આરોપીઓનો ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબનો વધારાનો જવાબ નોંધવામાં આવેલ છે.ત્યારબાદ બંને પક્ષનાં વિ.વ.શ્રીઓની દલીલો સાંભળવામાં આવેલ છે. આ કામ જજમેન્ટ માટે રાખવામા આવેલ છે.

**૬::** આ કામે ફરીયાદપક્ષનાં કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ નકકી કરવામાં આવેલ છે.

મુદ્દા નંબર૧:– શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીએ એકબીજાની મદદગારીથી તા.૧૨–૦૧–૨૦૨૬ ના રોજ કલાક ૧૯:૩૦ થી કલાક ૨૦:૦૦ વાગ્યેના સુમારે મોજે ખેરગામ સરસીયા ફળિયા તહોમતદારના ઘરના

પાછળના ભાગેથી એક પ્લાસ્ટીકની કેનમા દેશી દારૂ લીટર ૦૪ કિં.રૂા.૮૦૦/– નો પ્રોહી.મુદ્દામાલ સાથે પકડાઈ જઈ પ્રોહી. એકટની કલમ૬૫એએ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે?

મુદ્દા નંબર : ૨ – શું હુકમ ?

૭:: ઉપરોકત મુદ્દાઓનાં મારા નિર્ણય નીચે મુજબ છે.

મુદ્દા નંબર : ૧ – નકારમાં.

મુદ્દા નંબર : ૨ – આખરી હુકમ.

૮:: ઉપરોકત મુદ્દાઓનાં મારા નિર્ણયનાં તારણો નીચે મુજબ છે.

**મુદ્દા નંબર : ૧**

૯:: ફરીયાદપક્ષે આંક–૦૬ થી ફરીયાદી મયુરભાઈ સવદાસભાઈનાઓ તેઓની જુબાનીમાં જણાવે છે કે, તા.૧૨–૦૧–૨૦૨૬ ના રોજ તેઓ તથા અહેકો કલ્પેશભાઈ ઝવેરભાઈ તથા બે પંચોના માણસો સાથે ખેરગામ પો.સ્ટે. ટાઉન બીટ વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા ત્યારે અમોને ખાનગી રાહે બાતમી મળેલ કે ખેરગામ સરસીયા ફળીયા ખાતે રહેતા સંગીતાબેન સુરેશભાઈ પટેલ પોતાના ઘરે દેશી દારુનુ વેચાણ કરે છે. જે બાતમી હકીકત આધારે નજીકમાથી પંચોનાઓને બોલાવી સાથે ખાનગી વાહનમાં બેસી બાતમી વાળા ઘરે જતાં એક બેન ઘરે હાજર મળી આવેલ જેનુ નામ ઠામની ખરાઈ કરી પુછપરછ કરી. જે બાદ પંચો રુબરુ તેઓના ઘરમાં તથા આજુબાજુમાં તપાસ કરતા ઘરના ભાગેથી એક પ્લા.ના કેનમાં ૪ લીટર દેશી દારૂ કિં.રૂા.૮૦૦/– નો મળી આવેલો. આરોપીને નોટીસ આપી હાજર રહેવા સમજ કરેલી. જે બાબતે ખેરગામ પો.સ્ટે.માં સરકાર તરફે ફરીયાદ આપેલી. ઝેરોક્ષ ફરીયાદ બતાવવામાં આવે છે. જેમાં તેમની સહી છે. જે સહી ઓળખી બતાવે છે. જેને બચાવપક્ષની સંમતિ સાથે રજુ દાખલ આંક–૦૭ થી રજુ છે. આરોપીને ઓળખે છે. જેઓ આજરોજ કોર્ટમાં હાજર છે તે જ છે.

ત્યારબાદ આરોપીનાં વિ.વ.શ્રીએ કરેલ ઉલટતપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે બનાવ વાળો વિસ્તાર વસ્તીવાળો વિસ્તાર છે અને વાહનોની અવર જવર વાળો વિસ્તાર છે. એ વાત ખરી નથી કે આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ મળી

આવેલો નહી. એ વાત ખરી છે કે આ કામે ત.ક.અમલદારે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. એ વાત ખરી છે કે મુદ્દામાલ ઉત્પાદક કરનાર કંપનીમા જઈને કોઈ તપાસ કરેલ નથી.

**૧૦ ::** ફરીયાદપક્ષે આંક–૦૮ થી પંચ સાહેદ નિલેશભાઈ સવજીભાઈ પટેલને તથા આંક–૧૦ થી પંચ સાહેદ રસીદભાઈ અલ્લારખુ શેખને તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, ખેરગામ પોલીસે તેમની તૈયાર પંચનામામાં સહી કરાવેલી. પંચનામું તેઓએ વાંચેલ નહિ અને પંચનામા વિશે કંઈ જાણતા નથી. તેઓ પોલીસ સાથે કોઈ જગ્યાએ ગયેલ નહિ અને પોલીસે તેમની હાજરીમાં આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ દારૂ કબજે કરેલ હોય તેવું બનેલ નહિ. તેમને પંચનામું બતાવતાં તેમાં તેમની સહી ઓળખી બતાવે છે. જે પંચનામું આંક–૦૯ થી રજુ છે, તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે.

**૧૧::** બંને પક્ષકારોનાં વિ.વ.શ્રીઓની દલીલ સાંભળી. સદર કામે તપાસેલ ફરીયાદીએ તથા તપાસ કરનાર અમલદારે પોતાનાં સોગંદ પરનાં પુરાવામાં ફરીયાદપક્ષનાં કેસની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે. પરંતુ સદર કામનાં ફરીયાદીએ પોતાની જુબાનીની ઉલટ તપાસમાં જણાવે છે કે એ વાત ખરી છે કે બનાવ વાળો વિસ્તાર વસ્તીવાળો વિસ્તાર છે અને વાહનોની અવર જવર વાળો વિસ્તાર છે. એ વાત ખરી છે કે આ કામે ત.ક.અમલદારે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. એ વાત ખરી નથી કે આરોપીએ આવો કોઈ ગુનો કરેલ ન હોવા છતાં ખોટી ફરીયાદ આપી ખોટી જુબાની આપુ છું.

તેમજ સદર કામનાં પંચનામાનાં પંચસાહેદોએ પંચનામાની હકીકતને લેશ માત્ર સમર્થન આપેલ નથી. સદર કામે તપાસવામાં આવેલ અટક પંચનામા અને મુદ્દામાલ રીકવરી પંચનામાનાં પંચસાહેદોએ ફકત પંચનામામાં તેમની સહી હોવાનો સ્વીકાર કરેલ છે, તે સિવાયની પંચનામાની હકીકતનો ઈન્કાર કરેલ છે. તેમજ તેઓની રૂબરૂ કોઈ આરોપીને અટક કરવામાં આવેલ હોવાનો કે આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલાનો ઈન્કાર કરેલ છે.

આમ સદર કામે કબજે કરેલ મુદ્દામાલ હાલનાં આરોપીના ઘરના પાછળના ભાગેથી એક પ્લાસ્ટીકની કેનમા દેશી દારૂ લીટર ૦૪ કિં.રૂા.૮૦૦/– નો પ્રોહી. મુદ્દામાલ તેઓના કબજામાંથી જ મળી આવેલ હોવાની હકીકત ફરીયાદ પક્ષે સાબિત કરી શકેલ નથી. આમ સદર કામે કબજે કરેલ મુદ્દામાલ આરોપીનાં કબજામાંથી મળી આવેલાનું ફરીયાદપક્ષે પુરવાર થઈ શકતું નથી. તેમજ સદર કામે તપાસેલ ફરીયાદી તથા ત.ક. અમલદારે તેઓ પોતે પોલીસ સાહેદ હોય ફરીયાદપક્ષનાં કેસને સમર્થન આપેલ છે. પરંતુ સદર કામે તેઓ હિત ધરાવનાર સાહેદ છે. જયારે સદર કામે સ્વતંત્ર સાહેદોનો પુરાવો રજુ થયેલ નથી. જેથી ફકત હિત ધરાવનાર સાહેદોની જુબાની પર સંપૂર્ણપણે આધાર રાખી શકાય નહિ.

૧૯૯૬(૩) ક્રાઈમ્સ પાના નં ૮૫ સતિષ મેહરા વિરૂઘ્ધ દિલ્હી એડમીનીસ્ટેશનનો ચુકાદામાં નામદાર ઉચ્ચ અદાલતે પ્રતિપાદિત કરેલ સિઘ્ધાંત મુજબ એમ ઠરાવેલ છે કે, "But when the Judge is fairly certain that there is no prospect of the case ending in conviction, the valuable time of the Court should not be wasted for holding a trial only for the purpose of formally completing the procedure to pronounce the conclusion on a future date. We are under heavy pressure of workload." (11) Additionally, as per Section 134 of the Indian Evidence Act, 1872:"No particular number of witnesses shall, in any case, be required for the proof of any fact."

નામ.સુપ્રિમ કોર્ટ અજય એન્ડ અજુ વિરુઘ્ધ સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ ૨૦૨૩ (એસી) ૧૧૦ ના ચુકાદામાં નામદાર ઉચ્ચ અદાલતે પ્રતિપાદિત કરેલ સિઘ્ધાંત મુજબ એમ ઠરાવેલ છે કે, "It is not the quantity of the witnesses but the quality of witnesses which matters."

Therefore, merely examining more witnesses does not complete the judicial process; rather, justice is achieved by examining quality witnesses.

નામ. સુપ્રિમ કોર્ટ બેહરી પ્રસાદ વિરુઘ્ધ સ્ટેટ ઓફ બિહાર ૧૯૯૬ (એસી) ૨૯૦૫ ના પેરા ૨૨ ના ચુકાદામાં નામદાર ઉચ્ચ અદાલતે પ્રતિપાદિત કરેલ સિઘ્ધાંત મુજબ એમ ઠરાવેલ છે કે, "It will not be correct to contend that if an Investigating Officer is not examined in a case, such a case should fail on the ground that the accused were deprived of the opportunity to effectively cross-examine the witnesses for the prosecution. Non-examination of the

Investigating Officer per se does not vitiate a criminal trial." જેથી આ નિષ્કર્ષ પર પહોંચી શકાય કે તપાસ કરનાર અધિકારીની તપાસના અભાવ ઈન્સાફી કાર્યવાહીમા અસરકાર નથી અને હાલના કામની પરિસ્થિતિ અને તથ્યોને આધારે તપાસ કરનાર અધિકારીને તપાસ કરવી જરૂરી બનતી નથી.

**૧૨::** આમ,ફરીયાદ પક્ષે થયેલ પંચનામાના આધારે પોલીસે પંચો રૂબરૂ કોઈ દેશી દારૂ કબ્જે કરેલો હોવાની હકીકત પુરવાર થતી નથી. આથી, માત્ર પોલીસ સાહેદોની જુબાની ઉપર આધાર રાખી આરોપીને દોર્ષિત ઠરાવી શકાય નહિ. આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદને તપાસવામાં આવેલ નથી. આમ, આરોપી વિરૂધ્ધનો આક્ષેપિત ગુનો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ ગયેલ છે.

**૧૩::** આમ, આ કામે રજૂ થયેલ પુરાવો જોતાં જણાય છે કે, પોલીસ સાહેદોએ પોતાની ફરજ અનુરૂપ પૂરાવો આપેલ છે પણ સ્વતંત્ર પંચ સાહેદો જેઓની હાજરીમાં મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હતું અને આરોપીની અટક કરવામાં આવેલ હતી તે સાહેદો હોસ્ટાઈલ થયેલ છે. નામ. ગુજરાત હાઈકોર્ટ તથા સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ રાયજીભાઈ ચતુરભાઈ સોલંકી (૧૯૬૦), પેરા ૭ એમ ઠરાવેલ છે કે, "The real principle is that where the presence of the Panchas is obligatory at the time of search, the evidence of the Police Officer conducting the search must ordinarily be corroborated, and if there is no such corroboration, ordinarily, a conviction should not rest solely on the uncorroborated testimony of the Police Officer who conducted the search. The real question is whether there is corroboration or not. If there is no corroboration, the conviction should not rest on the uncorroborated testimony of the Police Officer conducting the search. જેથી રીકવરી પંચનામું તે શંકાસ્પદ બની જાય છે અને પુરવાર થતું નથી. વધુમાં આ કામના રેકોર્ડના તમામ કાગળો વંચાણે લઈએ તો પણ મુદૃામાલ એફ.એસ.એલ.નો આખરી અહેવાલ સામેલ રાખેલ હોય અને એફએસએલ રીપોર્ટની ગેરહાજરીમાં રેડના દિવસે પોલીસે કબજે કરેલ મુદ્દામાલ ખરેખર દારૂ હતો કે કેમ? તે પણ પ્રથમ દષ્ટ્રિએ શંકાસ્પદ બની જાય છે. જેથી આવા કેસમાં ફકત પોલીસ સાહેદોની જુબાની પર આધાર રાખી આરોપીને દોષી માનવામાં આવે તો તે ન્યાયોચિત નથી. જેથી આમ ઉપર મુજબના રજૂ થયેલ તમામ લેખિત તથા મૌખિક પૂરાવા ઉપરથી ફરીયાદપક્ષ

નિઃશંકપણે એવુ પૂરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે કે કબજે કરેલ મુદ્દામાલ આરોપીનો જ હતો અને કબજે કરેલ મુદ્દામાલ ખરેખર પ્રતિબંધિત મુદ્દામાલ દારૂ હતું જેથી એવા સંજોગોમાં સીધે સીધો લાભ આરોપીને આપી શંકાનો લાભ આરોપીને આપવો ન્યાયોચિત જણાય આવે છે. આમ, રજૂ થયેલ પુરાવા ઉપરથી આરોપીની કસ્ટડીમાંથી દેશી દારૂ મુદ્દામાલ મળી આવેલાની હકીકત નિઃશંકપણે પુરવાર થતી ન હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

૧) આ કામના આરોપી **સંગીતાબેન સુરેશભાઈ પટેલ,** રહે. ખેરગામ સરસીયા ફળિયા,તા. ખેરગામ, જી. નવસારીનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ– ૨૭૧(૧) અન્વયે ધી. પ્રોહી. એકટની કલમ – ૬૫એએ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે.

૨) અપીલ સમય પૂર્ણ થયા બાદ મુદ્દામાલ દારૂનો નાશ કરવો.

૩) આ કામેના આરોપીએ અગાઉ આ કામે રજુ કરેલ જામીન ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૪૮૧ મુજબ છ મહિનાના સમય સુધી લંબાવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખઃ ૨૭મી, માહે જુલાઈ, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

ખેરગામ.
તા.૨૭.૦૭.૨૦૨૬

(ધરાંથ આર.પટેલ)
**જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ, ખેરગામ.**
CODE : GJ 01753